પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ગ્રા.પ./જાહેરનામું/ ૫૩૬૮/૨૦૨૧ તા. ૧૬/૧૨/૨૦૨૧

વંચાણે લીધુ :-

૧. રાજય ચૂંટણી આયોગના આદેશ ક્ર.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજય ચૂંટણી આયોગના પરિપત્ર ક્ર.ઇએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

**ભારતના ચૂંટણી પંચના તા.૨૧/૮/૯૯ ના આદેશ ક્રમાંક/૫૭૬/૧૪/૯૯/પીએલએન/૧/ અન્વયે તથા ફોજદારી કાર્યરીતી અધિનયિમ ૧૯૭૩ તથા ગુજરાત પ્રોહીબીશન એકટ–૧૯૪૯ની કલમ ૧૪૨ હેઠળ મધ અને નશીલા પદાર્થોના વેચાણ કરનારાઓને વેચાણનું સ્થળ (દુકાન) બંધ રાખવા કરેલ હુકમ.**

ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા જિલ્લામાં મતદાનની તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર) સવારના ૦૭:૦૦ વાગયાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી તેમજ મતગણતરીની તા.૨૧/૧૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. આ ચૂંટણી દરમ્યાન વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદારોની સાચી પસંદગીની છબી ઉપસાવે તેવી શાંતિ, સ્વચ્છ અને સ્વતંત્ર ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા તથા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શકયતા નિવારવા તેમજ જાહેર સુમેળ અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા સારુ અને જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે ભારતીય નિર્વાચન આયોગ તરફથી લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૧૩૫(ક) હેઠળ આયોગમાં નિહિત થયેલ સત્તાની રૂએ બહાર પાડેલ આદેશ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ–૧૪૨ થી મને મળેલ સત્તાની રૂએ હું ડો.શમશેરસિંઘ IPS, પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર, આથી આદેશ આપુંછું કે, પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ વડોદરા તાલુકાના સયાજીપુરા,અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના તેમજ દશરથ ગામે આવેલ એમ.પી.પટેલ હાઇસ્કુલ મતગણત્રી કેન્દ્ર વિસ્તારમાં આવેલ મધ અને નશીલા પદાર્થોનું વેચાણ કરવા માટે પરવાનો ધરાવતી વ્યકિતઓએ ચૂંટણી તેમજ મતગણતરી દરમ્યાન નીચેના દિવસોએ મધ અને નશીલા પદાર્થોનું વેચાણ સ્થળ/ દુકાન, હોટલ, રેસ્ટોરંટ, કલબ, દારૂનું પીઠું કે બીજા કોઈપણ સ્થળ કે, જયાં કેફી/ નશીલા પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

૧. મતદાન તા.૧૯/૧૨/૨૦૨૧ નો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે

૪૮ કલાકનો સમય

૨. મતગણતરી તા.૨૧/૧૨/૨૦૨૧ ના દિવસનો આગળનો દિવસ

૩. મતગણતરી તા.૨૧/૧૨/૨૦૨૧ નો દિવસ

૪. મતગણતરી તા.૨૧/૧૨/૨૦૨૧ ના તરત પછીનો દિવસ

ઉપરોક્ત દિવસોને ડ્રાઈ ડે તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનારને ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ સજા અથવા દંડ અથવા તે બંનેની સજાને પાત્ર થશે.

આજ તા.૧૬ /૧૨/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(3) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(3) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
(૨૨) ચુંટણી આચારસહિતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

C:\Users\HDIITS\Desktop\ele jahernamu\03 ELECTION COMISSION OF INDIA 21 8 99 docx